પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૪૪ | ૩ ઓગસ્ટ, ૨૦૧૯, શનિવાર; શ્રાવણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરમાં નવા-જૂનીના એંધાણ

**અમરનાથ યાત્રીઓ-પ્રવાસીઓને સ્થળ છોડવા આદેશ : આતંકી હુમલાની આશંકા વચ્ચે અમરનાથ યાત્રા રદ્દ કરાઇ : એડવાઇઝરી જાહેર : સુરક્ષાદળોને અમરનાથ યાત્રાના રૂટ પર રાયફલ અને પાકિસ્તાનમાં બનેલ સુરંગ મળી આવી : પાકિસ્તાની સેના સતત કાશ્મીરમાં શાંતિ ભંગ કરવાના પ્રયાસમાં : સેનાએ તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા : સેના : કાશ્મીરમાં વધુ ૨૮૦૦૦ જવાનો તૈનાત,ભૂમિ-વાયુદળ એલર્ટ : લેફ્ટનેંટ જનરલ ધિલ્લોને કહ્યું, માતાઓ-બહેનોને વિનંતી છે કે આપનું બાળક જો ૫૦૦ રૂપિયા લઇ પથ્થર ફેંકે છે તો તે આવતીકાલનો આતંકી છે**



ન્યુ દિલ્હી,તા.૨

જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રામાં આતંકી હુમલાનું જોખમ મંડરાઈ રહ્યું છે. જમ્મુ-કાશ્મીર સરકારે એડવાઈઝરી જાહેર કરીને યાત્રા અટકાવી દીધી છે, યાત્રિઓને પાછા મોકલવાની સૂચના આપી દેવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, સુરક્ષાદળોને અમરનાથ યાત્રાના રૂટ પર સર્ચ ઓપરેશન દરમિયાન રાયફલ મળી છે, ત્યારબાદ યાત્રા અટકાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાબળોના વધુ ૨૮ હજાર જવાન મોકલવામાં આવ્યા છે. જમ્મુ-કાશ્મીર સરકારના ગૃહ વિભાગ તરફથી જાહેર કરાયેલ એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે, અમરનાથ યાત્રા પર આતંકી હુમલાના ઈનપુટ મળતા અને કાશ્મીરની સુરક્ષા વધારવાના આશયથી અમરનાથ યાત્રિઓ અને પર્યટકોની સુરક્ષાને ધ્યાને લઈ ઘાટીમાં તાત્કાલિક પ્રભાવથી તમામ પ્રકારની યાત્રાઓ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. અમરનાથ યાત્રિઓને સલાહ આપવામાં આવી છે કે, પોતાના યાત્રાને તુરંત અટકાવી અને જેટલી જલદી બની શકે એટલું જલદી ઘાટી છોડવાની સલાહ આપવામાં આવી છે.

રાજયમાં વિધાનસભા ચૂંટણીની આહટ વચ્ચે કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાં વધારાના સુરક્ષાદળો તૈનાત કરવાનો નિર્ણય કર્યો છે. જેની સામે રાજકીય પક્ષોએ સવાલ ઉઠાવ્યા છે..

સેના તરફથી જણાવવામાં આવ્યું કે, પાકિસ્તાની સેના સતત કશ્મીરમાં શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરે છે. અનેક વાર સર્ચ ઓપરેશન દરમ્યાન બારૂદી સુરંગો વિશે પણ ખ્યાલ આવ્યો કે

● અનુસંધાન પાન-૭ પર

## અમરનાથ યાત્રા પર હુમલાના કાવતરાને નિષ્ફળ કરી દેવાયું

**યાત્રીઓ પર સ્નાઈપરથી હુમલો કરવા પ્રયાસ : પાકિસ્તાની સેના દ્વારા કાશ્મીરમાં શાંતિ ભંગ કરવા માટેના પ્રયાસ : સર્ચ ઓપરેશન વેળા સુરંગ પણ શોધી કઢાઈ છે**



નવી દિલ્હી, તા. ૨

સુરક્ષા દળોએ અમરનાથ યાત્રા પર મોટા હુમલાના કાવતરાને નિષ્ફળ બનાવી દીધો છે. સીઆરપીએફ, જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેનાએ આજે પત્રકાર પરિષદ યોજીને આ અંગેની માહિતી આપી હતી. આ ગાળા દરમિયાન ઉપસ્થિત રહેલા અધિકારીઓએ કહ્યું હતું કે, અમરનાથ યાત્રીઓ પર સ્નાઈપરથી હુમલા કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ સુરક્ષાદળોએ હુમલાના તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવી દીધા છે. સેના તરફથી માહિતી આપવામાં આવી હતી કે, પાકિસ્તાની સેના તરફથી કાશ્મીરમાં શાંતિ ભંગ કરવાના અવિરત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અનેક વખત સર્ચ ઓપરેશન દરમિયાન સુરંગો પણ મળી આવી છે. પાકિસ્તાનના તમામ પ્રયાસોને નિષ્ફળ કરવામાં આવ્યા છે. સેનાના અધિકારીએ કહ્યું હતું કે, કાશ્મીર ખીણમાં સ્થિતિમાં ઉલ્લેખનીય સુધારો થયો છે.

# અયોધ્યા મામલે છઠ્ઠીથી દરરોજ સુનાવણી

**અંતે મધ્યસ્થતા ફ્લોપ : ખુલ્લી અદાલતમાં રોજ સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટનો નિર્ણય : જટિલ કેસમાં પેનલે અંતિમ અહેવાલ સુપ્રત કર્યા બાદ આદેશ : મધ્યસ્થતાના પ્રયાસ ૧૫૫ દિવસ ચાલ્યા : અનુવાદ સહિત તમામ દસ્તાવેજ તૈયાર કરાશે**

નવી દિલ્હી,તા. ૨

રાજકીયરીતે ખુબ જ સંવેદનશીલ રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ જમીન વિવાદ મામલામાં મધ્યસ્થતાના તમામ પ્રયાસ નિષ્ફળ રહ્યા બાદ હવે સુપ્રીમ કોર્ટે છઠ્ઠી ઓગષ્ટથી ખુલ્લી અદાલતમાં દરરોજ સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે. પેનલનો અહેવાલ સુપ્રત કરવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટે આ મુજબનો આદેશ કર્યો છે. મધ્યસ્થતા પેનલમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ કલીફુલ્લા, આધ્યાત્મિક ગુરૂ શ્રી શ્રી રવિશંકર અને વરિષ્ઠ વકીલ શ્રીરામ પંચુ સામેલ હતા. મધ્યસ્થતાના આ પ્રયાસ કુલ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### આપના ધારાસભ્ય કપિલ મિશ્રાની સદસ્યા રદ

આમ આદમી પાર્ટીના બાગી ધારાસભ્ય કપિલ મિશ્રાની સદસ્યતા રદ કરવામાં આવી છે. વિધાનસભાના અધ્યક્ષે કપિલ મિશ્રા વિરૂદ્ધ કાર્યવાહી કરી છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં તેઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પક્ષમાં પ્રચાર કર્યો હતો.

### કાશ્મીરમાં વધુ એક આતંકવાદીનું એન્કાઉન્ટર

જમ્મુ-કાશ્મીરના શોપિયા જિલ્લામાં ગુરૂવાર રાતથી સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થઈ રહ્યુ છે. આ ઘટનામાં એક આતંકવાદી ઠાર મરાયો છે. જ્યારે એક જવાન શહીદ થયો છે. હજુ પણ ઓપરેશન ચાલુ છે.

### પાક.માં મોંઘવારી ૧૦ ટકાને પાર

પાડોશી દેશ પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં જબરજસ્ત વધારો થયો છે. મોંઘવારીનો દર ૧૦ ટકાથી ઉપર જતો રહ્યો છે. જેના કારણે લોકોની થાળીમાંથી દાળ અને શાક જેવી વસ્તુઓ ગાયબ થઈ ગઈ છે. કપડાંથી લઈને તમામ ચીજવસ્તુઓ મોંઘી થઈ છે.

### મમતા બેનર્જીને મળ્યા રાજ ઠાકરે

મનસે અધ્યક્ષ રાજ ઠાકરેએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની મુલાકાત લીધી હતી. ભાજપના આ કારણે ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. આ મુલાકાત અંગે વિવિધ અટકળો લગાવાઈ રહી છે.

### અમેરિકા-રશિયાએ મિસાઈલ સંધી રદ કરી

અમેરિકા અને રશિયાએ શીતયુદ્ધ કાળની એક મિસાઈલ સંધીને રદ કરી છે. ઈન્ટર મીડિયેટ રેન્જ ન્યૂક્લિયર ફોર્સેઝ સંધી મિસાઈલોના વપરાશને સીમિત કરતી હતી જે ૧૯૮૭માં થઈ હતી.

# કાશ્મીર મામલે ત્રીજા પક્ષની કોઈપણ પ્રકારની કોઈ ભૂમિકા નથી : ભારત

**કાશ્મીર મામલે વાત થશે તો માત્ર પાકિસ્તાન સાથે જ થશે : ભારત : મધ્યસ્થતા અંગેની ટ્રમ્પની ઓફરને નારાજ ભારતે ફરી ફગાવી : : અમેરિકાના વિદેશપ્રધાન માઇક પોમ્પિયોની સાથે ચર્ચા દરમિયાન જયશંકરે કરેલી સ્પષ્ટતા**

નવી દિલ્હી,તા. ૨

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કાશ્મીરના મુદ્દા પર મધ્યસ્થતી કરવા માટેની ઓફર કરવામાં આવ્યા બાદ આજે પ્રથમ વખત ભારત અને અમેરિકાના વિદેશ પ્રધાન આમને સામને આવ્યા હતા. બંને વિદેશ પ્રધાન આમને સામને આવ્યા ત્યારે ભારત તરફથી સ્પષ્ટ શબ્દોમાં આ વાત કરવામાં આવી હતી કે જો કાશ્મીરના મામલે કોઈ વાત થશે તો માત્ર પાકિસ્તાન સાથે કરવામાં આવશે. મધ્યસ્થતાની ટ્રમ્પની ઓફરને ભારતે ફરી એકવાર ફગાવી દીધી હતી. માત્ર દ્વિપક્ષીય વાતચીત જ જો કરાશે તો થશે. આસિયાનની એક મહત્વપૂર્ણ બેઠકના સંબંધમાં થાઈલેન્ડના પાટનગર બેંકકોકમાં વિદેશી પ્રધાન એસ. જયશંકર અને અમેરિકી વિદેશ પ્રધાન માઈક પોમ્પિયો મળ્યા હતા. આસિયાનના ભાગરૂપે બંને દેશોની દ્વિપક્ષીય બેઠક યોજાઇ હતી. જયશંકરે ટ્વીટ કરીને કહ્યુ છે કે પોમ્પિયો સાથે ક્ષેત્રીય મુદ્દા પર વિસ્તૃત વાતચીત થઈ છે. અમેરિકી સમકક્ષ પોમ્પિયોને સાફ શબ્દોને કહી દેવામાં આવ્યુ છે કે જો કાશ્મીર પર કોઈ વાતચીતની જરૂર પડશે તો માત્ર પાકિસ્તાન સાથે થશે. આ વાતચીત પણ દ્વિપક્ષીય રહેશે. થોડાક દિવસ પહેલા પણ ટ્રમ્પે મધ્યસ્થતીની વાત કરીને હોબાળો મચાવ્યોહતો. ટ્રમ્પનુ નિવેદન આવ્યા બાદ ભારતે ફરી એકવાર નારાજગી વ્યક્ત કરી હતી.ભારતે તેની પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે કાશ્મીર પર વિવાદ દ્વિપક્ષીય છે. તેમાં મધ્યસ્થી માટે કોઈ જગ્યા નથી. ટ્રમ્પે પહેલા જ્યારે મધ્યસ્થીની વાત કરી ત્યારે તેમની વ્યાપક ટિકા થઈ હતી.



## કાશ્મીર ખીણમાં ૨૮ હજાર જવાન તૈનાત

**શ્રીનગરના અતિસંવેદનશીલ વિસ્તારોમાં તૈનાતી : ખીણના અન્ય વિસ્તારોમાં પણ ગોઠવણી : મોટાભાગના સીઆરપીએફના જવાનોની ગોઠવણીથી તર્કવિતર્કનો દોર**

શ્રીનગર,તા. ૨

જમ્મુકાશ્મીરમાં જારી રાજકીય હલચલ વચ્ચે ખીણમાં સુરક્ષા દળોની ૨૮૦થી વધુ કંપનીઓ અથવા તો ૨૮ હજાર જવાનોની એકાએક કરવામાં આવેલી તૈનાતીના કારણે ભારે તર્ક વિતર્કના દોર ચાલી રહ્યા છે. આ મામલે કોઈ બાબત સ્પષ્ટપણે સપાટી પર આવી રહી નથી. સુરક્ષા દળોને શ્રીનગર શહેરના અતિસંવેદનશીલ વિસ્તારમાં અને ખીણના અન્ય વિસ્તારોમાં ગોઠવી દેવામાં આવ્યા છે. જે જવાનોની ગોઠવણી કરવામાં આવી છે તે પૈકી મોટા ભાગે સીઆરપીએફના જવાનો છે. સુત્રોએ કહ્યુ છે કતે આ પ્રકારની એકાએક ૨૮૦થી વધારે જવાનોની તૈનાતીના કારણે ભારે ચર્ચા જોવા મળી રહી છે. શહેરમાં પ્રવેશ અને બહાર નિકળવાના રસ્તા બંધ કરી દેવામાં આવ્યા છે.

# રાજયસભામાં ગેરકાયદે ગતિવિધી અટકાયત કાનુન (યુએપીએ) બીલ પસાર

**વ્યક્તિને ત્રાસવાદી જાહેર કરવા મુદ્દે ચર્ચા ગરમ : ચિદમ્બરમ તેમજ દિગ્વિજય સિંહ તરફથી જોરદાર દલીલ બાજી કરાઈ : અમિત શાહે દાખલા આપીને જવાબ આપ્યા**

નવી દિલ્હી,તા.૨

રાજયસભામાં આજે ગેરકાયદે ગતિવિધી અટકાયત કાનુન (યુએપીએ) સુધારા બીલ તીવ્ર ચર્ચા બાદ પાસ થઈ ગયું હતું. મતદાન વેળા પ્રસ્તાવની તરફેણમાં ૧૪૭ મત પડ્યા હતા. જ્યારે વિરોધમાં ૪૨ મત પડ્યા હતા. આ પહેલા કોંગ્રેસ તરફથી રાજ્યસભા સાંસદ પી. ચિદમ્બરમ અને દિગ્વિજય સિંહ તરફથી વ્યક્તિને આતંકવાદી જાહેરા કરવાને લઈને સરકારમાં ઈરાદા પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. ચિદમ્બરમએ કહ્યું હતું કે, સંગઠનનને પહેલાથી ત્રાસવાદી જાહેર કરવામાં આવતા રહ્યા છે. આવી સ્થિતિમાં કોઈ વ્યક્તિને ત્રાસવાદી જાહેર કરવાની જરૂર શું છે. આના જવાબમાં ગૃહમંત્રી અમિત શાહેએ કહ્યું હતું કે, કોઈ વ્યક્તિને આતંકવાદી જાહેર કરવાની જરૂર ચોક્કસ પણે દેખાઈ રહી છે. અમિત શાહે દાખલો આપતા કહ્યું હતું કે, ઈન્ડિયન મુઝાહિદિનનો ત્રાસવાદી યાસિન ભટકલ ૨૦૦૯થી અનેક મામલાઓમાં વોન્ટેડ હતો.



● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

